સરકારી અધિકારી/કર્મચારી સામેના ખાતાકીય તપાસના કેસોના ઝડપી નિકાલ માટે લોક અદાલત જેવુ તંત્ર ઉભુ કરવા સમિતિની રચના કરવા અંગે.
ખાતાના વડા નિયામકશ્રી(વિ.જા.)કલ્યાણખાતાના વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓ માટે સમિતિ રચવા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ–૧૫૨૦૦૧–૨–અ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:– 7 FEB 2001

આમુખ :– સામાન્ય વહીવટ વિભાગના તા.૨–૧૧–૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક:ખતપ–૧૦૯૮–૫૪૦–તકેદારી એકમ.

ઠરાવ:–

આમુખ પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૨–૧૧–૨૦૦૦ ના ઠરાવ અન્વયે લોક અદાલત જેવી પધ્ધતિ અપનાવી ખાતાકીય તપાસનાં કેસોના નિકાલ કરવાના સરકારના નિર્ણય અનુસાર વિભાગ હેઠળના ખાતાના વડાના વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓના કેસો માટે સમિતિની રચના સબંધીત વહીવટી શાખાએ કરવા જણાવવામાં આવેલ છે તદ્દઅનુસાર નિયામકશ્રી (વિ.જા.)કલ્યાણ ખાતા હેઠળના વર્ગ–૩ અને વર્ગ–૪ માટેની સમિતિની રચના કરવાનુ આથી ઠરાવવામાં આવે છે. સમિતિનુ માળખુ નીચે મુજબ છે તથા સમિતિએ આમુખ પરના સા.વ.વિ.ના ઠરાવની જોગવાઈ મુજબ કામગીરી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | નિયામકશ્રી,<br>વિકસતી જાતિ કલ્યાણ ખાતું,<br>ગાંધીનગર | અધ્યક્ષશ્રી |
| (૨) | સંયુકત નિયામકશ્રી<br>નિયામક વિ.જા.ક.ખાતું,<br>ગાંધીનગર. | સભ્ય |

(૩) નાયબ નિયામક(વહીવટ) સભ્ય સચિવ
નિયામક વિ.જા.ક.ખાતું,
ગાંધીનગર

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(સુનીલ કે.સોની)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
નિયામકશ્રી.વિ.જા.ક.ખાતું,ડો.જીવરાજ મહેતા ભવન સચિવાલય,ગાંધીનગર તરફ પ્રસ્તુત બાબત વર્ગ–૩ અને વર્ગ–૪ ના કર્મચારીઓના ધ્યાન પર લાવવા બાબત.

<u>નકલ રવાના:–</u>

સમિતિના અધ્યક્ષશ્રી/સભ્યશ્રીઓ
નાયબ સચિવશ્રી(વિ.જા.)સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
ઉપસચિવશ્રી,(વિ.જા.)સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિભાગની સંકલન શાખા/ખાત.એકમ/સામાન્ય વહીવટ વિભાગ તકેદારી એકમ

એ–૫૪૦